નીતિ આયોગ દ્વારા રાજ્ય સ્વાસ્થ્ય પ્રગતિ રિપોર્ટ જાહેર




**E-COPY**
**(JANUARY-2022)**
PART-1

# વર્તમાન પ્રવાહો

: DATE :
01/01/2022 to 20/01/2022

રાષ્ટ્રપતિ દ્વારા પદ્મ પુરસ્કારની જાહેરાત




E governance સંમેલનનું આયોજન




- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **તાજેતરમાં 25 ડિસેમ્બર, 2021 ના 'સુશાસન દિવસ'ના રોજ કેન્દ્ર સરકારે 'ગુડ ગવર્નન્સ ઈન્ડેકસ–2021' જાહેર કર્યો હતો.**

→ આ ઈન્ડેકસ 'Department of Administration Reforms and Public Grievances' (DARPG) દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ ઈન્ડેકસમાં ઓવરઓલ રેન્કિંગ અથવા એકંદર રેન્કિંગમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

→ ગુડ ગવર્નન્સ ઈન્ડેકસ (GGI)નો ઉદ્દેશ્ય એક એવું સાધન તૈયાર કરવાનો છે જેનો ઉપયોગ કેન્દ્રશાસિત પ્રદેશ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા વિવિધ હસ્તક્ષેપોની અસરનું મૂલ્યાંકન કરવા માટે તમામ રાજ્યોમાં એક સરખી રીતે થઈ શકે. આ ઈન્ડેક્ષ મુજબ વર્ષ 2019ના ઈન્ડેકસ સ્કોરોની સરખામણીમાં 20 રાજ્યોએ તેમના એકંદર GGI સ્કોરમાં સુધારો કર્યો છે.

→ આ ઈન્ડેકસમાં રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

(1) રાજ્યો ગ્રુપ A વિભાગમાં – ગુજરાત ગુડ ગવર્નન્સ ઈન્ડેકસ 2021માં 10 ક્ષેત્રોને આવરી લેતા એકંદર રેન્કિંગ અથવા ઓલઓવર રેન્કિંગમાં પ્રથમ ક્રમે છે. ત્યારબાદ મહારાષ્ટ્ર અને ગોવા બીજા અને ત્રીજા સ્થાને છે.

(2) રાજ્યો ગ્રુપ B વિભાગમાં – મધ્યપ્રદેશ ટોચ પર છે, ત્યારબાદ રાજસ્થાન બીજા ક્રમે અને છત્તીસગઢ ત્રીજા સ્થાને છે.

(3) ઉત્તરપૂર્વ અને પવર્તીય રાજ્યો વિભાગમાં હિમાચલ પ્રદેશ ટોચના ક્રમે છે ત્યારબાદ મિઝોરમ બીજા ક્રમે અને ઉત્તરાખંડ ત્રીજા સ્થાને છે.

(4) કેન્દ્ર શાસિત પ્રદેશ વિભાગમાં દિલ્હી પ્રથમ ક્રમે છે.

❖ **તાજેતરમાં નીતિ આયોગે વર્ષ 2019-20 માટે 'રાજ્ય આરોગ્ય સૂચકાંક'ની ચોથી આવૃત્તિ બહાર પાડી હતી જેને 'Health Index 2019-20' તરીકે પણ ઓળખવામાં આવે છે.**

→ વિશ્વ બેંકની ટેકનિકલ સહાય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી નીતિ આયોગ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ તૈયાર કરવા માટે દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ચાર વિભાગમાં વહેંચવામાં આવે છે. જેમકે (1) મોટા રાજ્યો, (2) નાના રાજ્યો, (3) કેન્દ્રશાસિત પ્રદેશો અને (4) ઓવરઓલ.

→ આ ઈન્ડેક્ષ 3 માપદંડો પર આધારિત છે : (1) આરોગ્ય પરિણામ, (2) શાસન અને માહિતી, (3) મુખ્ય પ્રક્રિયાઓ

→ આ રિપોર્ટ અનુસાર વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મળેલા મુખ્ય ક્રમાંક નીચે પ્રમાણે છે :

⇒ મોટા રાજ્યોની કેટેગરી હેઠળ 'વાર્ષિક ક્રમિક પ્રદર્શન'ના સંદર્ભમાં ઉત્તરપ્રદેશ, આસામ અને તેલંગાણા ટોચના ત્રણ ક્રમાંકિત રાજ્યો છે.

⇒ નાના રાજ્યોની કેટેગરીમાં મિઝોરમ અને મેઘાલયે મહત્તમ વાર્ષિક વૃદ્ધિ દર નોંધાવ્યો છે.

⇒ કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં ટોચ પર દિલ્હી અને ત્યારબાદ જમ્મુ કાશ્મીરે સારૂ પ્રદર્શન નોંધાવ્યું છે.

⇒ ઓવરઓલ સૂચકાંક સ્કોર પર આધારિત વ્યાપક રેન્કિંગ હેઠળ મોટા રાજ્યોમાં કેરળ અને તમિલનાડુ, નાના રાજ્યોમાં મિઝોરમ અને ત્રિપુરા તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ તથા ચંદીગઢ ટોચ રેન્કિંગવાળા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ છે.

❖ **તાજેતરમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝના ભારતમાં આગમનના બરાબર 78 વર્ષ પછી એક સંકલ્પ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું.**

→ આ સ્મારકનો હેતુ ઈતિહાસની આ મહત્વપૂર્ણ ઘટનાને સાચવવાનો છે. આંદામાન અને નિકોબારમાં બનેલ આ સ્મારક ભારતીય રાષ્ટ્રીય સેનાના સૈનિકોના સંકલ્પ અસંખ્ય બલિદાનોની શ્રદ્ધાંજલિ છે.

→ નોંધનીય છે કે નેતાજી સુભાષ ચંદ્ર બોઝ 16 જાન્યુઆરી, 1941ના રોજ કોલકાતામાંથી બ્રિટિશ દેખરેખમાંથી છટકી ગયા હતા અને પોર્ટ બ્લેર એરપોર્ટ પર લગભગ ત્રણ વર્ષ પછી 29 ડિસેમ્બર, 1943ના રોજ ભારતીય ધરતી પર પાછા ફર્યા હતા. ત્યારબાદ 30 ડિસેમ્બર, 1943ના રોજ આંદામાન નિકોબારના ટાપુના પોર્ટ બ્લેરની સેલ્યુલર જેલમાં પ્રથમ વખત તિરંગો લહેરાવ્યો હતો અને આંદામાન નિકોબારને બ્રિટિશ શાસનથી મુકત જાહેર કર્યો હતો.

❖ **1 જાન્યુઆરી 2022ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 'પઢે ભારત અભિયાન' (Padhe Bharat Campaign) નામનું 100 દિવસનું વાંચન અભિયાન શરૂ કર્યું.**

→ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશય વિદ્યાર્થીઓના શિક્ષણ સ્તરને સુધારવાનો છે. આ અભિયાન બાળકોને તેમના પોતાના સંજોગો અને વાસ્તવિક જીવનની વાસ્તવિકતા સમજવામાં મદદ કરશે. બાલ વાટિકાના સ્તરથી ધોરણ 8 સુધીના બાળકોને આ અભિયાન સાથે જોડવામાં આવશે. આ અભિયાન 100 દિવસ અથવા 14 અઠવાડિયા માટે હાથ ધરવામાં આવશે. જે 14 એપ્રિલ, 2022ના રોજ પૂર્ણ થશે.

❖ **તાજેતરમાં ભારત સરકારે ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ–2ને મંજૂરી આપી છે. જેનો અંદાજિત ખર્ચ રૂ. 12,031 કરોડ છે.**

→ આ તબક્કા હેઠળ 10,750 કિમી. ટ્રાન્સમિશન લાઈનો બાંધવામાં આવશે અને 27,500 MVA સબસ્ટેશનો જોડવામાં આવશે. આ સાત રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, કેરળ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને ગુજરાત છે.

→ આ ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ–2 2021-22 અને 2025-26 વચ્ચે લાગુ કરવામાં આવશે. પ્રોજેકટ ખર્ચના 33% કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે. આ પ્રોજેકટથી ભારતને 2030 સુધીમાં 450 ગીગાવોટ રિન્યુએબલ એનર્જીના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ થશે.

❖ **તાજેતરમાં વડાપ્રધાને જાહેરાત કરી હતી કે 26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવશે.**

→ આ દિવસ સાહિબજાદાઓ એટલે કે ગુરુ ગોવિંદ સિંહના ચાર પુત્રોને શ્રદ્ધાંજલી આપવા માટે ઉજવવામાં આવશે. સાહિબજાદા ફતેહ સિંહ અને સાહિબજાદા જોરાવર સિંહ આ દિવસે શહીદ થયા હતા. આ ચાર સાહિબજાદે કયારેય અન્યાય સામે ઝૂકયા નથી.

→ ગુરુ ગોવિંદ સિંહના ચાર પુત્રો : સાહિબજાદા બાબા અજીતસિંહ, જુઝાર સિંહ, જોરાવર સિંહ અને ફતેહ સિંહ હતા.

❖ **15 જાન્યુઆરી 2022ના રોજ 'આર્મી ડે'ની ઉજવણી કરવા માટે ખાદીના કાપડમાંથી બનેલો વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રીય ધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.**

→ જેસલમેરમાં ભારત–પાકિસ્તાન બોર્ડર પર લોંગેવાલામાં પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. ખાદી અને ગ્રામોદ્યોગ (KVIC) દ્વારા આ 'રાષ્ટ્રીય ધ્વજ' તૈયાર કરવામાં આવ્યો છે. આ રાષ્ટ્ર ધ્વજ અંદાજે 225 ફૂટ લાંબો અને 150 ફૂટ પહોળો છે. તેનું વજન લગભગ 1400 કિલો છે. આ રાષ્ટ્ર ધ્વજમાં અશોક ચક્રનો વ્યાસ 30 ફૂટ છે.

❖ **ભારત સરકારે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'વીર ગાથા પ્રોજેક્ટ' શરૂ કર્યો હતો.**

→ ભારતમાં શાળાના બાળકોને યુદ્ધના નાયકો અને નાયકોની વાર્તાઓથી વાકેફ કરીને પ્રેરણા આપવા માટે વીર ગાથા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના વિજેતા તરીકે 25 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ અંતર્ગત વિદ્યાર્થીઓને વીરતા પુરસ્કાર વિજેતાઓ પર આધારિત પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ હાથ ધરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. વીરગાથા પ્રોજેક્ટનું આયોજન શિક્ષણ મંત્રાલય, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ અને CBSE દ્વારા કરવામાં આવ્યું હતું.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પંજાબ પ્રવાસ દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં જે ચૂક થઈ હતી તેની તપાસ માટે સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ ન્યાયાધીશ શ્રીમતી ઈન્દુ મલ્હોત્રાની આગેવાની હેઠળ પાંચ સભ્યોની એક સમિતિની રચના કરી છે.**

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે 1 ઓકટોબર, 2022 થી ભારતમાં વેચાતી તમામ કાર માટે 6 એરબેગ ફરજિયાત બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે.**

→ ભારતમાં વેચાતી તમામ કાર માટે એરબેગ ફરજિયાત કરવામાં આવશે. આ ઉપરાંત M1 વાહન કેટેગરીમાં 4 વધારાની એરબેગ ફરજિયાત બનાવાશે. M1 વાહન કેટેગરી એ ડ્રાઈવરની સીટ ઉપરાંત વધુમાં વધુ 8 સીટ ધરાવતી પેસેન્જર કારનો સંદર્ભ આપે છે.

❖ **તાજેતરમાં હૈદરાબાદ ખાતે 24 મી ઈ–ગવર્નન્સ નેશનલ કોન્ફરન્સ યોજાઈ.**

→ આ અવસરે પુરસ્કારો પણ પ્રદાન કરવામાં આવ્યા હતા, ઈ–ગવર્નન્સ 2020-21 માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર (સિલ્વર) તાજેતરમાં નાગાલેન્ડના સોમ જિલ્લા વહીવટી તંત્રને આપવામાં આવ્યો હતો.

❖ **તાજેતરમાં જાહેરાત કરી હતી કે 16 જાન્યુઆરીને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ' અથવા 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' તરીકે ઉજવવામાં આવશે.**

→ નોંધનીયક છે કે 16 જાન્યુઆરી, 2016 ના દિવસે સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ શરૂ કરવામાં આવી હતી.

❖ **આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં COVID-19 રસી પર એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી હતી.**

→ રાષ્ટ્રીય COVID રસીકરણ કાર્યક્રમ અથવા COVID રસીકરણ અભિયાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આ ટપાલ ટિકિટ જાહેર કરવામાં આવી હતી. આ ટિકિટમાં આરોગ્ય સંભાળ કાર્યકર વરિષ્ઠ નાગરિકને રસી આપતા દર્શાવ્યા છે. નોંધનીય છે કે કોવિડ–19 રસીકરણ અભિયાન 16 જાન્યુઆરી 2021માં શરૂ કરવામાં આવ્યું હતું.

❖ **ઈન્ડિયા ગેટમાં સ્થિત અમર જવાન જ્યોતને 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' (National war memorial) માં અમર જ્યોત અથવા અખંડ જ્યોત સાથે મર્જ કરવામાં આવી છે.**

→ ભારતમાં 1971ના ભારત–પાકિસ્તાનના યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં ઈન્ડિયા ગેટની સામે 'અમર જવાન જ્યોત'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સ્મારકમાં કાળા આરસના ઓટલા પર નાળચા પર ઊભેલી એક L1A1 Self-Loading Rifle રાખવામાં આવી છે, જેના પર સિપાહીનું હેલ્મેટ છે. અને તેના ચાર ખૂણે ચાર જ્યોત અવિરત પ્રજ્વલિત રહે છે. જે હવે 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક'માં મર્જ કરવામાં આવી છે.

❖ **આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) એ 'સાયકલ 4 ચેન્જ' અને 'સ્ટ્રીટસ ફોર પીપલ ચેલેન્જ સીઝન–2' નામના ઓનલાઈન પ્રોગ્રામનું આયોજન કર્યું હતું.**

→ આ ઈવેન્ટ દરમિયાન મંત્રાલયે 'Nurturing Neighburhoods Challage : Stories From the find' નામનું એક પુસ્તક પણ લોન્ચ કર્યું હતું.

❖ **BSF એ 'ઓપરેશન સર્દ હવા' શરૂ કર્યું છે.**

→ આ ઓપરેશન અંતર્ગત BSF એ પાકિસ્તાન બોર્ડર પર સતર્કતા વધારી દીધી છે. તે સામાન્ય રીતે રાજસ્થાનની સરહદમાં ખાસ કરીને જેસલમેર ક્ષેત્રમાં લોન્ચ કરવામાં આવે છે. આ નિયમિન વાર્ષિક પ્રથા છે, તે જાન્યુઆરી મહિનામાં લોન્ચ કરવામાં આવે છે. 'ઓપરેશન સર્દ હવા' શિયાળા દરમિયાન અને 'ઓપરેશન હોટ એર' ઉનાળા દરમિયાન હાથ ધરવામાં આવે છે.

❖ **તાજેતરમાં જ લોકસભા સચિવાલય દ્વારા 'ડિજિટલ પાર્લામેન્ટ એપ' લોન્ચ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય સંસદીય કાર્યવાહીને માત્ર સભ્યો માટે જ નહીં પરંતુ સામાન્ય જનતાને પણ સુલભ બનાવવાનો છે.**

→ આ એપ દ્વારા સામાન્ય નાગરિકો પણ સંસદની કાર્યવાહી લાઈવ જોઈ શકે છે.

❖ **તાજેતરમાં જ મુંબઈ નેવલ ડોકયાર્ડમાં એક અકસ્માત દરમિયાન ત્રણ નૌકાદળના જવાનોના મોત થયા હતા.**

→ મુંબઈ નજીક INS રણવીરના અંદરના ભાગમાં વિસ્ફોટ થયો છે. ભારતીય નેવી માટે બનાવવામાં આવેલા પાંચ રાજપૂત વર્ગના વિનાશકમાંથી INS રણવીર ચોથું છે.

## આંતરરાજ્ય

❖ **તાજેતરમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાહેરાત કરી છે કે ઉત્તરપ્રદેશ ઝાંસી રેલવે સ્ટેશન હવે 'વીરાંગના લક્ષ્મીબાઈ રેલવે સ્ટેશન' તરીકે ઓળખાશે.**

❖ **વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હિમાચલ પ્રદેશમાં રેણુકાજી ડેમ પ્રોજેકટનો શિલાયન્સ કર્યો હતો.**

→ આ ડેમ સિરમૌર જિલ્લામાં ગિરી નદી પર રૂ. 6700 કરોડનો પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી 40 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે 200 મિલિયન યુનિટ ઊર્જા ઉત્પન્ન કરે તેવી અપેક્ષા છે. આ ડેમનું બાંધકામ છેલ્લા ત્રણ દાયકાથી પેન્ડિંગ હતું. આખરે તે છ રાજ્યો હિમાચલ પ્રદેશ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તરાખંડના સહયોગથી બનાવવામાં આવશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મેરઠમાં 'મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટી'નો શિલાયન્સ કર્યો હતો.**

→ આ યુનિવર્સિટીની સ્થાપના મેરઠના સરધના નગરના સલવા અને કાલી ગામોમાં કરવામાં આવી રહી છે. સ્પોર્ટ્સ યુનિવર્સિટી પાસે સિન્થેટીક હોકી ફિલ્ડ, ફૂટબોલ ફિલ્ડ, વોલીબોલ, હેન્ડબોલ, કબડ્ડી ગ્રાઉન્ડ, લોન ટેનિસ કોર્ટ, જિમ્નેસ્ટિકસ માટે હોલ, દોડવા માટે સિન્થેસ્ટિક સ્ટેડિયમ, સ્વિમિંગ પૂલ અને સાઈકલિંક માટે ટ્રેક સહિતનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર હશે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ત્રિપુરાના 'મહારાજ બીર બિક્રમ (MBB) એરપોર્ટ'ના નવા એકીકૃત ટર્મિનલ ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ ઉપરાંત મુખ્યમંત્રી ત્રિપુરા ગ્રામ સમૃદ્ધિ યોજના અને વિદ્યાજ્યોતિ શાળાઓનું પ્રોજેક્ટ મિશન 100 જેવી મોટી પહેલો શરૂ કરી હતી. આ નવા ટર્મિનલના ઉદ્‌ઘાટનને બાંગ્લાદેશ સાથે રાજ્યની નિકટતા અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં પ્રવેશને કારણે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે કાર્યરત થવાનું પ્રથમ પગલું છે.

→ મહારાજા બીર બિક્રમ એરપોર્ટ મૂળ રૂપે યુએસ એરફોર્સ દ્વારા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તત્કાલીન રજવાડાના રાજા બીર બિક્રમ કિશોર માણિકય દેબબરમનના સહયોગથી બનાવવામાં આવ્યું હતું. આ એરપોર્ટ પહેલા અગરતલા એરપોર્ટ તરીકે ઓળખાતું હતું જેનું વર્ષ 2018માં નામ બદલવામાં આવ્યું હતું.

❖ **કર્ણાટક સરકારે મેંગ્લોરમાં રાજ્યનું પ્રથમ LNG ટર્મિનલ સ્થાપવા માટે સિંગાપોર સ્થિત LNG એલાયન્સ કંપની સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.**

→ ન્યુ મેંગ્લોર પોર્ટ ટ્રસ્ટ (NMPT)ના સહયોગથી કર્ણાટકમાં પ્રથમ LNG ટર્મિનલની સ્થાપના કરવામાં આવશે. ટર્મિનલની સ્થાપના માટે સરકારે રૂ. 2,250 કરોડનું રોકાણ કર્યું છે. આ પ્રોજેકટથી લગભગ 200 લોકોને સીધી રોજગારી મળશે. 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન હાંસલ કરવા માટે વૈકલ્પિક ઈંધણ બજારને વેગ આપવા માટે કેન્દ્ર સરકારની યોજનાના ભાગરૂપે ટર્મિનલની સ્થાપના કરવામાં આવશે.

❖ **તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (IMCR)એ SARS-CoV-2 કોરોના વાયરસના ઓમિક્રોન પ્રકારને શોધવા માટે 'Omisure' નામની મેડ–ઈન–ઈન્ડિયા ટેસ્ટ કીટને મંજૂરી આપી છે.**

→ આ RT-PCR કીટ 'ટાટા મેડિકલ એન્ડ ડાયગ્નોસ્ટિકસ' દ્વારા બનાવવામાં આવી છે. આ કીટ ઓમિક્રોનને શોધવા માટે 'S Gene Target Failure' નો ઉપયોગ કરે છે.

❖ **કોપ્પલ ટોય કલસ્ટર એ પ્રથમ ટોય મેન્યુફેકચરિંગ કલસ્ટર છે. જેને કર્ણાટકમાં બનાવવામાં આવશે.**

→ કોપ્પલ ટોય કલસ્ટર 400 એકર જમીનમાં સ્થાપવામાં આવશે. તેમાં રમકડાં બનાવવા, ટૂલ્સ બનાવવા, પેકેજિંગનું ઉત્પાદન, ઈલેકટ્રોનિકસ વિકસાવવા, પેઈન્ટ બનાવવા વગેરે વસ્તુ શામેલ છે. પૂર્ણ થયા પછી ટો કલસ્ટરમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં 100 નાના અને મોટા ઉત્પાદન એકમો હશે. તેમાં સ્થાનિક ઉત્પાદન અને નિકાસ માટેના એકમોનો પણ સમાવેશ થાય છે. આ કલસ્ટર રૂ. 4000 કરોડનું રોકાણ આકર્ષશે તથા તેનાથી 25000 સીધી નોકરીઓ અને એક લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે.

❖ **તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં ગંગાસાગર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ આ મેળો દર વર્ષે મકરસંક્રાતિના પર્વ દરમિયાન યોજાય છે.

❖ **ઓડિશાના ગંજમ જિલ્લાએ પોતાના રાજ્યનો પ્રથમ બાળ લગ્ન મુકત જિલ્લો જાહેર કર્યો છે.**

→ છેલ્લા બે વર્ષમાં 2020 અને 2021 માં ગંજમ જિલ્લા વહીવટીતંત્ર લગભગ 450 બાળ લગ્નો અને 48,383 લગ્ન વિડિયો–રેકોર્ડ રોકવામાં સફળ રહ્યું છે. આ માટે ગંજમ જિલ્લામાં 'નિર્ભયા કઢી અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનની શરૂઆત કિશોર વયની છોકરીઓને શાળા છોડતા રોકવા અને સલાહ આપવાના હેતુથી કરવામાં આવી હતી.

❖ **6 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી અને 'પૃથ્વી વિજ્ઞાન રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહ હૈદરાબાદમાં પ્રથમ 'ઓપન રોક મ્યુઝિયમ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ મ્યુઝિયમ ભારતના વિવિધ ભાગોમાંથી લગભગ 35 વિવિધ પ્રકારના ખડકો દર્શાવે છે. આ ખડકોની ઉંમર 3.3 બિલિયન વર્ષથી લઈને લગભગ 55 મિલિયન વર્ષ સુધીની છે. આ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન CSIR-National Geophysical Research Institute (NGRI)માં કરવામાં આવ્યું હતું.

❖ **21 જાન્યુઆરી, 2022ના રોજ હરિયાણા અને હિમાચલ પ્રદેશ સરકારોએ યમુનાનગર જિલ્લામાં આદિ બદ્રી ખાતે બંધ બાંધવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ ડેમ પૌરાણિક સરસ્વતી નદીને નવજીવન આપશે. તે હિમાચલ પ્રદેશની સરહદ નજીક હરિયાણામાં આવેલું છે. આ સ્થળને સરસ્વતી નદીનું ઉદ્દગમ સ્થાન માનવામાં આવે છે. આ ડેમ હિમાચલ પ્રદેશમાં 31.66 હેકટર જમીન પર બનાવવામાં આવશે. તેની પહોળાઈ 101.06 મીટર અને ઊંચાઈ 20.5 મીટર હશે.

→ પ્રોજેકટનો કુલ ખર્ચ રૂ. 215.33 કરોડ છે. આદિ બદ્રી ડેમને પણ સોમ નદીમાંથી પાણી મળશે જે યમુનાનગરમાં આદિ બદ્રી પાસે યમુના નદીમાં જોડાય છે.

- **તાજેતરમાં ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI) એ મેઘાલયના લિવિંગ રૂટ બ્રિજ માટે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ટેગ મેળવવા માટે કેટલાક ગ્રીન નિયમોની રૂપરેખા આપી છે.**

## ગુજરાત

- **દેશની આઝાદીને 75 વર્ષ પૂર્ણતાના અવસરે દેશભરમાં ઉજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃતિમાં મહત્વનું યોગદાન આપતી નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી રાજયભરમાં યોજાયેલા 'નદી ઉત્સવ'નું અમદાવાદના સાબરમતી તટે આસ્થામય સમાપન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યું હતું.**
- **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્યમાં 15 થી 18 વર્ષની વયના બાળકોને કોરોના વેકિસન આપવાના અભિયાનનો ગાંધીનગરના કોબાની જી.ડી.એમ. કોબાવાલા હાઈસ્કૂલથી પ્રારંભ કરાવ્યો હતો.**
- **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજયમંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટયૂસન્સ (ICAI-2022) ના ઉદ્‌ઘાટન પ્રસંગે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) 2.0' લોન્ચ કરી હતી.**
  - → આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0) ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી 2022 થી માર્ચ 2027 સુધી અમલમાં મૂકવામાં આવી છે. જેની શરૂઆત વર્ષ 2017માં થઈ હતી અને પહેલો તબક્કો વર્ષ 2022 માં પૂર્ણ થયો.
  - → સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0) ના મુખ્ય લક્ષ્યો આ મુજબ છે :
    - ⇒ રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરાશે.
    - ⇒ રાજ્યની ઓછામાં ઓછી 1000 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) અને 10,000 શાળાઓને આવરી લેતા 50 લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે જાગૃત કરવા.
    - ⇒ વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત 10,000 પ્રૂફ ઓફ કન્સેપ્ટ્સ (PoCs/પ્રોટોટાઈપ)ને સહાય આપવામાં આવશે.
    - ⇒ વિદ્યાર્થીઓને 5000 IP ફાઈલિંગ માટે સહાય આપવામાં આવશે.
    - ⇒ રાજ્યમાં ઓછામાં ઓછી 500 શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને આવરી લઈને લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ–ઈન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટમનું નિર્માણ થશે.
    - ⇒ 1500 વિદ્યાર્થી સ્ટાર્ટ–અપ્સ અને હાલના સ્ટાર્ટ–અપ્સને અપસ્કેલ કરવું તેમજ i-Hub પર 500 સ્ટાર્ટ–અપ (ભૌતિક અને વર્ચ્યુઅલ) ઈન્કયુબેટ કરવામાં આવશે.
  - → રાજ્યની યુનિવર્સિટીઓ ઈન્કયુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઈનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ રૂ. 5 કરોડ સુધીનો લાભ મેળવી શકે છે. રાજ્યની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ–અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. 2 કરોડ સુધીનો લાભ મેળવી શકે છે. સ્ટાર્ટઅપ / ઈનોવેશન માટે મહત્તમ રૂ. 10 લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ મળશે.
- **ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ થયેલા નિર્દોષ પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા 'કરૂણા અભિયાન 2022'નું આયોજન કર્યું હતું.**
  - → આ અંતર્ગત 10 થી 20 જાન્યુઆરી 2022 દરમિયાન સમગ્ર રાજ્યમાં આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં ઘાયલ પક્ષીઓ માટે કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવ્યો હતો. 'જીવો, જીવવાદો અને જીવાડો'ની જીવદયા ભાવના સાથે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં વન વિભાગે આ વર્ષ ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થતા પક્ષીઓની ત્વરિત સારવાર વ્યવસ્થા માટે વોટસએપ નંબર તથા વેબસાઈટ પણ કાર્યરત કરી હતી. કરૂણા અભિયાન અથવા કરુણા એનિમલ એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર 1962 છે.
- **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગુજરાતને નેટ ઝીરો અને કાર્બન ફ્રી બનાવવાના હેતુથી ગુજરાત સરકાર સાથે રૂ. 5.95 લાખ કરોડના રોકાણો માટે ગાંધીનગર ખાતે MoU થયા છે.**
  - → મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ MoU પર ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવકુમાર ગુપ્તા તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વતી ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી પરિમલ નથવાણીએ હસ્તાક્ષર કર્યા હતા. રાજ્યમાં આવનારા દસકમાં 100 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પાવર પ્લાન્ટ અને ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમના વિકાસ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ રૂ. 5 લાખ કરોડના આ સૂચિત રોકાણો કર્યા છે.
- **તાજેતરમાં કેવડિયા કોલોનીના રેલવે સ્ટેશનનું નામ બદલીને 'એકતા નગર' રેલવે સ્ટેશન કરવામાં આવ્યું છે.**
  - → નોંધનીય છે કે ડિસેમ્બર, 2018ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેવડિયા રેલવે સ્ટેશનનું ખાતમુહૂર્ત કર્યું હતું. જે ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેટ ધરાવતું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન છે.
- **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથમાં ગુજરાત સરકાર દ્વારા રૂ. 30.55 કરોડના ખર્ચે નિર્મિત આધુનિક અતિથિગૃહ (સર્કિટ હાઉસ)નું ઈ–લોકાર્પણ કર્યું હતું.**

## આંતરરાષ્ટ્રીય

❖ **ભારત અને શ્રીલંકા ટૂંક સમયમાં ત્રિંકોમાલી ઓઈલ ટેન્ક ફાર્મને સંયુકત રીતે વિકસાવવા માટે બંને દેશો વચ્ચે કરાર કરવામાં આવ્યો.**
→ આ ઓઈલ ટાંકી ફાર્મ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈંધણ ભરનાર સ્ટેશન તરીકે બનાવવામાં આવ્યું હતું, જે ત્રિંકોમાલીના ઊંડા પાણીમાં સ્થિત કુદરતી બંદરની નજીક 'ચાઈના બે'માં સ્થિત છે.

❖ **તાજેતરમાં ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને અમેરિકા ભેગા મળીને 'ન્યુકિલયર સબમરીન ગઠબંધન AUKUS નું ગઠન કર્યું.**
→ આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ અમેરિકા દ્વારા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન ટેકનોલોજીની વહેંચણી સુનિશ્ચિત કરવાનો છે. તેમજ ઈન્ડો–પેસિફિક ક્ષેત્રોમાં વ્યૂહાત્મક હિતોને આગળ વધારવા માટે ધ્યાન કેન્દ્રીત કરશે.

❖ **ભારત જાન્યુઆરી 2022માં સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં 'આતંકવાદ વિરોધી સમિતિ'ની અધ્યક્ષતા કરશે.**
→ આ સમિતિ ભારતના દ્દષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તે વૈશ્વિક સ્તરે આતંકવાદનો સામનો કરવાના ભારતના પ્રયાસોમાં મદદરૂપ સાબિત થઈ શકે છે. સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આતંકવાદ વિરોધી સમિતિની અધ્યક્ષતા લગભગ 10 વર્ષ પછી ભારત પાસે આવી છે, ભારતે આ અગાઉ વર્ષ 2012માં આ સમિતિની અધ્યક્ષતા કરી હતી.

❖ **બેલ્જિયમ સરકારે તાજેતરમાં આગામી ત્રણ વર્ષ (2025 સુધીમાં) દેશના તમામ પરમાણુ પાવર પ્લાન્ટ બંધ કરવાની જાહેરાત કરી છે**
→ પાવર પ્લાન્ટ્સને બંધ કરવાની આ પ્રક્રિયા વર્ષ 2022માં શરૂ કરવામાં આવશે. નોંધનીય છે કે જર્મનીએ પણ વર્ષ 2022ના અંત સુધીમાં તેના તમામ પરમાણુ પાવરપ્લાન્ટ બંધ કરવાની જાહેરાત કરી છે.

❖ **તાજેતરમાં ઈજિપ્ત 'ન્યૂ ડેવલપમેન્ટ બેંક' (NDB)નું નવમું સભ્ય બન્યું છે.**
→ અગાઉ સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ, સંયુકત આરબ અમીરાત અને ઉરૂગ્વે પણ NDBમાં નવા સભ્ય તરીકે જોડાયા હતા.

❖ **વિશ્વ સૌથી લાંબી મેટ્રોલાઈન 31 ડિસેમ્બર, 2021ના રોજ ચીનના શાંઘાઈ પ્રાંતમાં ખોલવામાં આવી હતી.**
→ આ ઉદ્દ્ઘાટન સાથે શાંઘાઈએ વિશ્વભરમાં સૌથી મોટા મેટ્રો નેટવર્ક સાથે શહેર તરીકેનો તેનો ક્રમ જાળવી રાખ્યો છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે મહાકાલી નદી પર ભારત અને નેપાળને જોડનાર એક નવા પુલના નિર્માણ અને ઉત્તરાખંડના ધારચુલાને નેપાળના ધારચુલા સાથે જોડવાની યોજનાને મંજૂરી આપી છે.**
→ આ નવો પુલ ત્રણ વર્ષમાં તૈયાર થઈ જશે. તેનાથી બંને દેશ વચ્ચેના સંબંધો પણ વધુ મજબૂત થશે. મહાકાલી નદીને ઉત્તરાખંડમાં શારદા નદી અથવા કાલી ગંગા તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **ઉત્તર કોરિયાએ 5 જાન્યુઆરી, 2022ના રોજ 'હાઈપરસોનિક મિસાઈલ' લોન્ચ કર્યું હતું, જેણે લક્ષ્યને સફળતાપૂર્વક નષ્ટ કર્યું હતું.**
→ ઓકટોબર 2021 પછી ઉત્તર કોરિયા દ્વારા આ પ્રથમ પરીક્ષણ હતું. નોંધનીય છે કે ઉત્તર કોરિયાએ સપ્ટેમ્બર 2021માં હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ઉત્તર કોરિયાના તાજેતરના પરીક્ષણમાં 'હાઈપરસોનિક ગ્લાઈડિંગ વોરહેડ' રોકેટ બૂસ્ટરથી અલગ થઈ ગયું હતું અને 700 km દૂરના લક્ષ્યનો નાશ કર્યો હતો.

❖ **તાજેતરમાં અમેરિકાની મેરીલેન્ડ હોસ્પિટલના ડોકટરોએ દર્દીનો જીવ બચાવવાના છેલ્લા પ્રયાસમાં સૂવરનું હૃદય ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું.**
→ ચિકિત્સાના ઈતિહાસમાં આવુ પ્રથમ વખત કરવામાં આવ્યું છે.
→ ઝેનો ટ્રાન્સપ્લાન્ટેશનમાં અમાનવીય (માનવ સિવાયના અન્ય પાસેથી) પેશીઓ અથવા અવયવોનું મનુષ્યમાં પ્રત્યારોપણનો સમાવેશ થાય છે. આવા કોષો, અવયવો અથવા પેશીઓને ઝેનોગ્રાફ્સ અથવા ઝેનો ટ્રાન્સપ્લાન્ટ કહેવામાં આવે છે.

❖ **તાજેતરમાં સી ડ્રેગન 22 અભ્યાસ (Exercise Sea Dragon 22) બહુરાષ્ટ્રીય અભ્યાસનું આયોજન થયું હતું.**
→ આ કવાયતમાં ભારત, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુએસએ, દક્ષિણ કોરિયા અને જાપાને ભાગ લીધો હતો. આ અભ્યાસ એન્ડરસન એરફોર્સ બેઝ, ગુઆમ ખાતે યોજાય છે. જે યુએસ એરફોર્સનો બેઝ છે. સી ડ્રેગન એ યુ.એસ.ની આગેવાની હેઠળની બહુરાષ્ટ્રીય કવાયત છે જે ઈન્ડો–પેસિફિકમાં પરંપરાગત અને દરિયાઈ સુરક્ષા પડકારોના પ્રતિભાવમાં એકસાથે હાથ ધરવામાં આવનાર સબમરીન વિરોધી યુદ્ધ વ્યૂહરચનાઓનો અભ્યાસ અને ચર્ચા કરવા માટે રચાયેલ છે.

❖ **Henley & Partners દ્વારા જાન્યુઆરી 2022 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2022 ના Passport Indexમાં વિવિધ દેશોમાં ભારત 83મા ક્રમે રહ્યું હતું.**
→ આ અગાઉ પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેકસમાં ભારત 90મા ક્રમે હતું. આ ઈન્ડેક્ષમાં જાપાન અને સિંગાપોર પ્રથમ ક્રમે છે. ત્યારબાદ જર્મની અને દક્ષિણ કોરિયા બીજા ક્રમે છે જ્યારે ફિનલેન્ડ, ઈટાલી, લકઝમબર્ગ અને સ્પેન ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત અફઘાનિસ્તાન આ ઈન્ડેકસમાં અંતિમ 111મા ક્રમે છે.

❖ **ભારતની સંરક્ષણ નિકાસને પ્રોત્સાહન આપવા માટે ફિલિપાઈન્સે ભારતમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલ માટે ભારત સાથે 374.9 મિલિયન ડોલરના સોદા પર હસ્તાક્ષર કર્યા.**
→ ફિલિપાઈન્સની ચીન સાથેના પ્રાદેશિક સંઘર્ષ વચ્ચે તેના સંરક્ષણને મજબૂત કરવાની યોજનાના ભાગરૂપે આ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. અગાઉ ફિલિપાઈન્સના રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગે બ્રહ્મોસ કરાર પર હસ્તાક્ષર કરવા માટે 'નોટિસ ઓફ એવોર્ડ' પ્રકાશિત કર્યો હતો.

❖ **ચીનના ચાંગ–ઈ–5 લૂનર (ચંદ્ર) લેન્ડરને પ્રથમ વખત ચંદ્રની સપાટી પર પાણીના સ્થળ પર પુરાવા મળ્યા છે.**
→ આ અભ્યાસ 8 જાન્યુઆરી, 2022 ના રોજ 'સાયન્સ એડવાન્સિસ' જર્નલમાં પ્રકાશિત થયો હતો. આ અભ્યાસ દર્શાવે છે કે લેન્ડિંગ સાઈટ પર ચંદ્રની માટીમાં પ્રતિ ટન 120 ગ્રામ પાણી અથવા 120 PPM પાણી હોય છે.

❖ **તાજેતરમાં ભારતીય નૌકાદળ અને રશિયન નૌકાદળે અરબી સમુદ્રમાં કોચીન બંદર પર PASSEX અભ્યાસ હાથ ધર્યો હતો.**
→ ભારતીય નૌકાદળના INS કોચીએ આ અભ્યાસ અથવા કવાયતમાં ભાગ લીધો હતો.

Banking Academy

- **ઈન્ડોનેશિયાની સંસદે તાજેતરમાં તેની રાજધાની જકાર્તાથી 2000 કિ.મી. દૂર જંગલયુકત 'બોર્નિયો દ્વીપ'માં સ્થળાંતરિત કરવાની મંજૂરી આપી છે. જેનું નામ નુસંતારા રાખવામાં આવ્યું.**
  - → જકાર્તા લાંબા સમયથી ગંભીર ઈન્ફ્રાસ્ટ્રકચર સમસ્યાઓ અને આબોહવા પરિવર્તનને કારણે પૂરથી પીડાઈ રહ્યું છે. નિષ્ણાંતોએ આગાહી કરી છે કે વર્ષ 2050 સુધીમાં શહેરનો 1/3 ભાગ પાણી હેઠળ હોઈ શકે છે.
- **તાજેતરમાં વડાપ્રધાન 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF)ના દાવોસ એજન્ડાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યું હતું.**
  - → દાવોસ (સ્વિત્ઝર્લેન્ડ)માં WEFની વાર્ષિક બેઠક વૈશ્વિક, પ્રાદેશિક અને ઉદ્યોગના એજન્ડાને આકાર આપવા માટે વિશ્વના ટોચના નેતાઓને જોડે છે. વડાપ્રધાને સંબોધનમાં COVID-19ની આગેવાની હેઠળની કટોકટીનો સામનો કરવા રસીકરણ અભિયાનના સંચાલનમાં ભારત દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા પર ભાર મૂકયો હતો. આ ઉપરાંત યુનાઈટેડ નેશન્સ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની પુનર્ગઠનની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો.
- **મોરેશિયશ સરકારે મેટ્રો એકસપ્રેસ પ્રોજેકટ માટે મુખ્ય મેટ્રો સ્ટેશનનું નામ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ પરથી રાખવાની જાહેરાત કરી છે.**
  - → આ અવસરે બંને દેશોના વડાપ્રધાને મોરેશિયશમાં સિવિલ સર્વિસ કોલેજ અને 8 મેગાવોટ સોલાર પીવી ફાર્મ પ્રોજેકટનો શિલાયન્સ કર્યો હતો. આ પ્રોજેક્ટ્સ વર્ચ્યુઅલ રીતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મોરેશિયશના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા.
- **તાજેતરમાં દક્ષિણ પેસિફિક ટાપુ ટોંગામાં જ્વાળામુખી ફાટી નિકળ્યો હતો. જેના કારણે પેસિફિક મહાસાગરમાં સુનામીના મોજા ઉછળ્યા હતા.**
  - → આ વિસ્ફોટ સૌથી મોટા વિસ્ફોટોમાંનો એક છે જે દર હજાર વર્ષે નોંધાય છે. તે અત્યંત વિસ્ફોટક હોવાના કારણોમાંનું એક 'ફયુઅલ–કૂલન્ટ ઈન્ટરેકશન' છે.

## અર્થવ્યવસ્થા

- **ભારતના વાણિજ્ય મંત્રાલય નવા બજારોમાં ઉત્પાદનો તેમજ સેવાઓની નિકાસને વેગ આપવા માટે 'બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન' શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.**
  - → બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન ભારત દ્વારા નિકાસ કરવામાં આવતી વસ્તુઓ અને સેવાઓને પ્રોત્સાહન આપવા માટે Umbrella Campaign તરીકે કાર્ય કરશે. આ અભિયાનમાં જવેલરી, કાપડ, ચા, કોફી અને મસાલા જેવા વાવેતર ઉત્પાદનો, સ્વાસ્થ્ય કાળજી, શિક્ષણ, એન્જિનિયરિંગ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન 'ઈન્ડિયા બ્રાન્ડ ઈકિવટી ફાઉન્ડેશન (IBEF)' દ્વારા ચલાવવામાં આવશે.
- **RBIએ તાજેતરમાં એરટેલ પેમેન્ટ્સ બેંકને RBI એકટ, 1934ની બીજી અનુસૂચિમાં સમાવેશ કર્યો છે. જ્યારે HDFC, ICICI અને SBI ને D-SIB તરીકે જાળવી રાખવામાં આવ્યા છે.**
- **RBIએ ભારતમાં ગતિશીલ રીતે બદલાતા નાણાકીય લેન્ડસ્કેપ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આંતરિક 'ફિન–ટેક વિભાગ'ની સ્થાપના કરી છે.**
  - → RBIના પરિપત્ર મુજબ 'ફિન–ટેક વિભાગ'ની સ્થાપના 4 જાન્યુઆરી, 2022ના રોજ કરવામાં આવી હતી. આ વિભાગની સ્થાપના કરવાનો નિર્ણય ગતિશીલ રીતે બદલાતા લેન્ડસ્કેપ સાથે તાલમેલ રાખીને ફિનટેક ક્ષેત્રમાં ક્ષેત્ર અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લેવામાં આવ્યો હતો.
- **નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા 'ઈન્ડિયા સ્કીલ્સ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.**
  - → તે કૌશલ્યના ઉચ્ચતમ ધોરણોને પ્રદર્શિત કરવા માટે રચાયેલ છે અને યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. ઈન્ડિયા સ્કીલ્સ સ્પર્ધા રાજ્ય સરકારો અને ઉદ્યોગોના સહયોગથી દર બે વર્ષે યોજવામાં આવે છે. 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTS) એ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને વર્ષ 2021માં 54 કૌશલ્યોમાં તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું જેમાં સાત નવા કૌશલ્યનો સમાવેશ થાય છે.
  - → આ સ્પર્ધામાં ઓડિશા ચાર્ટમાં પ્રથમ છે, ત્યારબાદ મહારાષ્ટ્ર અને કેરળ છે. નોંધનીય છે કે India Skills 2021ના વિજેતાઓને ઓકટોબર 2022માં ચીનમાં શાંઘાઈમાં યોજાનારી વર્લ્ડ સ્કિલ ઈન્ટરનેશનલ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. ઈન્ડિયા સ્કીલ સ્પર્ધા પ્રગતિ મેદાન, મુંબઈ, બેંગલુરુ અને અન્ય ઘણી જગ્યાએ યોજવામાં આવી છે. તેની શરૂઆત નવી દિલ્હીના તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમથી થઈ હતી.
- **વર્ષ 2021 માં ભારત અને ચીન વચ્ચેનો વેપાર લગભગ 125 બિલિયન US ડોલર રહ્યો હતો.**
  - → જેમાંથી ચીનમાંથી આયાત રેકોર્ડ 100 બિલિયન US ડોલર હતી. વર્ષ 2021માં ભારતને ચીન સાથે 69.4 અબજ ડોલરની વેપાર ખાધનો સામનો કરવો પડયો હતો. જે વર્ષ 2019માં વેપાર ખાધનો સામનો કરતા 22% વધારે છે.
- **તાજેતરમાં સ્પાઈસ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા સ્પાઈસ એકસચેન્જ પોર્ટલ (સ્પાઈસ એકસચેન્જ ઈન્ડિયા) લોન્ચ કરવામાં આવ્યું છે.**
  - → આ પોર્ટલ વૈશ્વિક સ્તરે ભારતીય મસાલાના નિકાસકારો અને ખરીદદારો વચ્ચે મીટિંગ પોઈન્ટ તરીકે કામ કરશે, જે દેશમાં તેના પ્રકારનું પ્રથમ છે. આ પ્લેટફોર્મ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. ખરીદદારો અને વેચાણકર્તાઓને જોડવા માટ આ પોર્ટલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- **તાજેતરમાં જ સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ રોકાણકારોને શિક્ષિત કરવા માટે મોબાઈલ એપ, સારથી લોન્ચ કરી છે.**
  - → આ એપનો ઉદ્દેશ્ય રોકાણકારોમાં સિકયોરિટી માર્કેટના મૂળભૂત ખ્યાલો વિશે જાગૃતિ લાવવાનો છે. આ એપ્લિકેશન KYC પ્રક્રિયા, ટ્રેડિંગ અને સેટલમેન્ટ, મ્યુચ્યુઅલ ફંડ્સ (MFs), તાજેતરના બજાર વિકાસ, રોકાણકારોની ફરિયાદ નિવારણ પદ્ધતિ વગેરેને પણ સમજાવશે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લખનૌમાં DRDOના ડિફેન્સ ટેકનોલોજી ટેસ્ટિંગ સેન્ટર અને બ્રહ્મોસ મેન્યુફેકચરિંગ યુનિટનો શિલાયન્સ કર્યો હતો.**

→ આ કેન્દ્રોનું નિર્માણ DRDO દ્વારા કરવામાં આવી રહ્યું છે. સંરક્ષણ અને અવકાશ એરોનોટિકલ મેન્યુફેકચરિંગ જૂથોના ઝડપી વિકાસ માટે ઉત્તરપ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર લગભગ 22 એકરમાં તેના પ્રકારનું પ્રથમ સંરક્ષણ ટેકનોલોજી અને પરીક્ષણ કેન્દ્ર (DTTC) સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

❖ **ભારતીય સેનાએ તાજેતરમાં મધ્યપ્રદેશના મહુ ખાતે 'ક્વોન્ટમ લેબોરેટરી'ની સ્થાપના કરી છે, જે ઉભરતા ટેકનોલોજી ક્ષેત્રમાં સ્થિર અને નોંધપાત્ર પ્રગતિને પ્રકાશિત કરે છે.**

→ આ ક્વોન્ટમ લેબોરેટરીની સ્થાપના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS)ની મદદથી કરવામાં આવી છે. તેની સ્થાપના વિવિધ મુખ્ય ટેકનિકલ ક્ષેત્રોમાં સંશોધન અને તાલીમનું નેતૃત્વ કરવા માટે કરવામાં આવી છે. ભારતીય સેનાએ આ જ સંસ્થામાં 'કૃત્રિમ બુદ્ધિમત્તા' (AI) કેન્દ્રની પણ સ્થાપના કરી છે, જેમાં વિભિન્ન અગ્રણી ક્ષેત્રોમાં 140થી વધુ ઉદ્યોગવિદો અને શિક્ષણ વિદોનું સમર્થન શામેલ છે.

❖ **તાજેતરમાં વિશાખાપટ્ટનમ ખાતે 32 વર્ષની સેવા પછી ભારતની પ્રથમ સ્વદેશી નિર્મિત મિસાઈલ કાર્વેટ, INS ખુકરી (P49)ને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું.**

→ INS ખુકરીનું નિર્માણ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. આ જહાજ ભારતીય સેનાની ગોરખા બ્રિગેડ સાથે જોડાયેલું હતું. INS ખુકરી એ એક પ્રકાર 14 (બ્લેકવુડ–કલાસ) ફ્રિગેટ હતું. જે પહેલાં ભારતીય નૌકદળમાં સેવા આપતું હતું.

❖ **1 જાન્યુઆરી, 2022ના રોજ DRDO એ તેમના 64માં સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.**

→ તેની સ્થાપના વર્ષ 1958ના રોજ થઈ હતી, જેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે. તેમજ તેનું ધ્યેય વાકય 'બલસ્ય મૂલં વિજ્ઞાનમ' છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 3 જાન્યુઆરી, 2022ના રોજ 'નેશનલ એજ્યુકેશનલ એલાયન્સ ફોર ટેકનોલોજી' (NEAT) 3.0' લોન્ચ કર્યું હતું.**

→ તે દેશના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ એડ–ટેક સોલ્યુશન્સ અને અભ્યાસક્રમો પ્રદાન કરવાના ઉદેશ્ય સાથે પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.

→ નેશનલ એજ્યુકેશનલ એલાયન્સ ફોર ટેકનોલોજી (NEAT) 3.0 એ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ તકનીકી ઉકેલનો ઉપયોગ કરીને યુવાનોને રોજગાર ક્ષમતા વધારવાની પહેલ છે. આ સોલ્યુશન્સ કૃત્રિમ બુદ્ધિમતાનો ઉપયોગ કરીને ચોક્કસ ક્ષેત્રમાં બહેતર શીખવાના પરિણામો અને કૌશલ્ય વિકાસ માટે વ્યકિતગત અને વૈવિધ્યપૂર્ણ શિક્ષણ અનુભવો બનાવવા માટે કરે છે. ખાસ કરીને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓમાં ડિજિટલ વિભાજનને દૂર કરવામાં NEAT મહત્વની ભૂમિકા ભજવશે.

❖ **તાજેતરમાં કેરળમાં એક વૈજ્ઞાનિક જૂથે '5G માઈક્રોવેવ શોષક' વિકસાવ્યું છે.**

→ જે ઈલેકટ્રોમેગ્નેટિક રેડિયેશન સામે અસરકારક રક્ષણાત્મક કવચ તરીકે કામ કરી શકે છે. નોંધનીય છે કે સ્માર્ટ અને અદ્યતન ઈલેકટ્રોનિક ઉપકરણોની વધતી જતી શોધે વિશ્વને 'ઈલેટ્રિકોમેગ્નેટિક પ્રદૂષણ'ના અનિવાર્ય જોખમમાં મૂકયું છે. આ 5G માઈક્રોવેવ શોષક કેરળના સંશોધકો દ્વારા વિકસાવવામાં આવેલ 'મેનાઈટ ઈલેકટ્રોઈડ' જે રાસાયણિક રીતે સ્થિર છે. તેણે ઉચ્ચ આવર્તન ક્ષેત્રમાં ખાસ કરીને 5G બેન્ડમાં અસાધારણ માઈક્રોવેવ શોષણ ક્ષમતા દર્શાવી છે.

❖ **તાજેતરમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની વિસ્તૃત રેન્જના સમુદ્ર થી સમુદ્ર સંસ્કરણનું INS વિશાખાપટ્ટનમમાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.**

→ બ્રહ્મોસ મિસાઈલને શરૂઆતમાં 290 કિ.મી.ની રેન્જ સાથે વિકસાવવામાં આવી હતી. મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલ રેજીમ (MTCR) ના આદેશ મુજબ મિસાઈલની રેન્જ મૂળ 290 કિ.મી. હતી. જોકે જૂન 2016માં MTCRમાં ભારતના પ્રવેશ પછી તેની રેન્જ લગભગ 450 કિ.મી.ની હતી અને ભવિષ્યમાં તેને 600 કિ.મી. સુધી વધારવાની યોજના છે.

→ બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે. જે જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ પરથી લોન્ચ કરી શકાય છે. જે કોઈપણ હવામાનમાં દિવસ અને રાત કામ કરી શકે છે.

❖ **DRDO એ તાજેતરમાં 'મેન–પોર્ટેબલ એન્ટી–ટેન્ક ગાઈડેડ મિસાઈલ' (MPATGM)નું સફળતાપૂર્વક અંતિમ પરીક્ષણ કર્યું છે.**

→ 'મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ' (MPATGM) એ સ્વદેશી નિર્મિત એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે. જે 'Fire and Forget' પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે. તેને 15 કિલોગ્રામથી ઓછા વજનની સાથે 2.5 કિ.મી.ની મહત્તમ રેન્જમાં લોન્ચ કરી શકાય છે.

❖ **24મી રાષ્ટ્રીય ઈ–ગવર્નન્સ કોન્ફરન્સનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સ (DARPG), તેલંગાણા રાજ્ય સરકાર અને ઈલેકટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા 7-8 જાન્યુઆરી 2022 દરમિયાન કરવામાં આવ્યું હતું.**

→ આ કોન્ફરન્સ હૈદરાબાદ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર, માધાપુર ખાતે યોજાઈ હતી. આ કોન્ફરન્સનું આયોજન 'India's Techade : Digital Governance in a Post Pandemic World' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું.

❖ **10 જાન્યુઆરી, 2022ના રોજ ભોપાલના વન વિહાર રાષ્ટ્રીય ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલયમાં ભારતના સૌથી વૃદ્ધ સુસ્ત (સ્લોથ) રીંછ ગુલાબોનું મૃત્યું થયું છે.**

→ ગુલાબો 40 વર્ષની હતી. આ માદા સ્લોથ રીંછ આ ઉદ્યાનના મુખ્ય આકર્ષણોમાંનું એક હતું.

❖ **તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે નવી દિલ્હી ખાતેથી 17માં 'India State of Forest Report - 2021' પ્રસિદ્ધ કર્યો છે.**

→ આ વન સર્વેક્ષણ રિપોર્ટ 'ભારતીય વન સર્વેક્ષણ' દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ રિપોર્ટ અનુસાર ભારતનો કુલ વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર 80.9 મિલિયન હેકટર છે. જે ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના 24.62 ટકા છે. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2021માં ભારતમાં ભારતના



Banking Academy

વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં 2,261 ચોરસ કિલોમીટરનો વધારો થયો છે. જેમાંથી ભારતમાં વન આચ્છાદિત વિસ્તારમાં 1540 ચોરસ કિલોમીટર અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં 721 ચોરસ કિલોમીટરનો વધારો થયો છે. ભારતમાં સઘન વન ક્ષેત્રની વૃદ્ધિની બાબતમાં એટલે કે વન વિસ્તારમાં વધારો દર્શાવતા રાજ્યોમાં આંધ્રપ્રદેશ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ તેલંગાણા બીજા અને ઓડિશા ત્રીજા ક્રમે છે. જ્યારે સૌથી વધુ વન વિસ્તાર (Forest Cover) ધરાવતા રાજ્યોમાં મધ્યપ્રદેશ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ અરૂણાચલ પ્રદેશ બીજા અને છત્તીસગઢ ત્રીજા ક્રમે છે. જ્યારે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના (ટકાવારીની દૃષ્ટિએ) સંદર્ભમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા ભારતના રાજ્યોમાં મિઝોરમ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ અરૂણાચલ પ્રદેશ બીજા અને મેઘાલય ત્રીજા ક્રમે છે.

→ આ રિપોર્ટ અનુસાર 17 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના ભૌગોલિક વિસ્તારનો 33% થી વધુ ભાગ જંગલોથી ઘેરાયેલો છે. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં ભારતમાં મેન્ગ્રુવનો કુલ વિસ્તાર 4992 ચોરસ કિલોમીટર છે. વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2021માં ભારતમાં મેન્ગ્રુવના વિસ્તારમાં 17 ચોરસ કિલોમીટરનો વધારો થયો છે. મેન્ગ્રુવના વિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતું પ્રથમ રાજ્ય ઓડિશા જ્યારે મહારાષ્ટ્ર બીજા ક્રમે અને કર્ણાટક ત્રીજા ક્રમે છે. જંગલોમાં હાજર વાંસની સંખ્યા વર્ષ 2019માં 13,882 મિલિયનથી વધીને વર્ષ 2021માં 53,336 મિલિયન થઈ ગઈ છે.

→ આ રિપોર્ટમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા (FSI) એ ભારતના ટાઈગર રિઝર્વ, ટાઈગર કોરિડોર અને સિંહ સંરક્ષણ ક્ષેત્રોમાં (ગીરનું જંગલ) વન કવરની આકરણી સાથે એક નવું પ્રકરણ સામેલ કર્યું છે. 2011-2021 વચ્ચે વાઘ કોરિડોરમાં જંગલ વિસ્તાર 37.15 ચોરસ કિ.મી. વધ્યો છે, પરંતુ ટાઈગર રિઝર્વમાં 22.6 ચોરસ કિ.મી. (0.04%) નો ઘટાડો થયો છે.

❖ **તાજેતરમાં બે યુએસ એજન્સીઓના ડેટા અનુસાર 2021નું વર્ષ રેકોર્ડ સ્તરે પૃથ્વી પરનું સૌથી છઠ્ઠુ ગરમ વર્ષ હતું.**

→ આ ડેટા યુએસ સ્પેસ એજન્સી નાસા અને નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો. વર્ષ 2021માં પૃથ્વી ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત એટલે કે 19ની સદીના અંતની તુલનામાં 1.2 ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ હતી. આ વર્ષે જમીનની સપાટીનું તાપમાન રેકોર્ડમાં ત્રીજા ક્રમે હતું, જ્યારે 2016 અને 2020 અનુક્રમે પ્રથમ અને ત્રીજા સ્થાને છે. વર્ષ 2021માં દક્ષિણ ગોળાર્ધની સપાટીનું તાપમાન રેકોર્ડમાં નવમું સૌથી વધુ હતું. એટલાન્ટિક અને પેસેફિક મહાસાગરોના ભાગોમાં રેકોર્ડ–ઊંચું દરિયાઈ સપાટીનું તાપમાન નોંધાયું હતું. વર્ષ 2021માં સમુદ્રની ઉપરની ગરમીનો રેકોર્ડ સૌથી વધુ હતો અને તેણે અગાઉના વર્ષ 2020ના રેકોર્ડને વટાવી દીધો હતો. છેલ્લા સાત વર્ષોમાં સાત સૌથી વધુ સમુદ્રી ગરમી નોંધવામાં આવી છે, એટલે કે 7 વર્ષોમાં દર વર્ષે એક નવો રેકોર્ડ બન્યો છે.

❖ **તાજેતરમાં 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન'ના અધ્યક્ષે એપ્રિલ 2022માં 'SSLV-D1 માઈક્રો સેટ' પ્રક્ષેપણનો ઉલ્લેખ કર્યો.**

→ SSLV (સ્મોલ સેટેલાઈટ લોંચ વ્હીકલ)નો હેતુ નાના ઉપગ્રહોને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં લોન્ચ કરવાનો છે.

→ SSLV એ ત્રણ તબક્કાનું નક્કર વાહન છે અને તે 500 કિલોગ્રામના ઉપગ્રહને 'લો અર્થ ઓર્બિટ' (LEO) અને 'સન સિંક્રોનસ ઓર્બિટ' (SSO)માં લોન્ચ કરવાની ક્ષમતા ધરાવે છે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **તાજેતરમાં વિજય હજારે ટ્રોફી 2021-22નું આયોજન થયું હતું જેમાં ફાઈનલ મેચમાં તમિલનાડુને પરાજય આપીને હિમાચલ પ્રદેશે આ ટ્રોફી પ્રથમ વખત જીતી લીધી છે.**

→ આ ટ્રોફી ભારતની ઘરેલું 'વન–ડે ક્રિકેટ ટુર્નામેન્ટ' છે. જે ટ્રોફીમાં રણજી ટીમો ભાગ લે છે.

❖ **ભારતીય ઓફ સ્પિનર હરભજન સિંહે તાજેતરમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.**

→ પોતાની શાનદાર ક્રિકેટ કારકિર્દીમાં પંજાબના 41 વર્ષીય ક્રિકેટર હરભજન સિંહે 103 ટેસ્ટમાં 417 વિકેટ, 236 વન ડેમાં 269 વિકેટ અને 28 T20 મેચોમાં 25 વિકેટ ઝડપી છે.

❖ **રેલવેબોર્ડના નવા અધ્યક્ષ તરીકે વિનય કુમાર ત્રિપાઠીની નિમણૂંક કરવામાં આવી.**

→ કેબિનેટની નિમણૂક સમિતિએ તેની મંજૂરી આપી દીધી છે. જેઓ હાલમાં નોર્થ ઈસ્ટર્ન રેલવે ઝોનના મેનેજર હતા.

❖ **તાજેતરમાં UAEમાં 9માં અંડર–19 એશિયા કપનું આયોજન થયું હતું.**

→ આ એશિયા કપની ફાઈનલ મેચમાં શ્રીલંકાને હરાવીને ભારત સતત આઠમી વખત ચેમ્પિયન બન્યું છે.

❖ **દક્ષિણ આફ્રિકામાં રંગભેદને સમાપ્ત કરવામાં મદદ કરનાર નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા શ્રી આર્કબિશપ ડેસમંડ ટૂટૂનું 90 વર્ષની વયે નિધન થયું છે.**

→ તેઓ શ્રી નેલ્સન મંડેલાના સમકાલીન હતા. તેમણે 1948 થી 1991 દરમિયાન દક્ષિણ આફ્રિકામાં અશ્વેત બહુમતી સાથે શ્વેત લઘુમતી સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વંશીય ભેદભાવની નીતિને સમાપ્ત કરવાના આંદોલનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમને વર્ષ 1984માં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

❖ **ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2022-23નું આયોજન મધ્ય પ્રદેશમાં કરવામાં આવશે.**

→ મધ્યપ્રદેશની કેબિનેટે તાજેતરમાં ભોપાલમાં ગેમ્સનું આયોજન કરવાની મંજૂરી આપી છે. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2023માં લગભગ 25 ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે.

❖ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'ગુજરાત વીજ નિયમન પંચ GERC'ના અધ્યક્ષ તરીકે શ્રી અનિલ મુકીમના શપથ લેવડાવ્યા અને તેમની નિયુકિત કરવામાં આવી.**

→ ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી આનંદ કુમારની મુદત પૂરી થયા પછી આ પદ ખાલી પડયું હતું. શ્રી અનિલ મુકીમ 1985 બેચના IAS અધિકારી છે. તેઓ તાજેતરમાં ગુજરાતના મુખ્ય સચિવ પદેથી નિવૃત્ત થયા હતા.

- **તાજેતરમાં RBIના ભૂતપૂર્વ ગવર્નર શ્રી ઉર્જિત પટેલને 'એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંક' (AIIB)ના ઉપાધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → આ બેન્કની સ્થાપના વર્ષ 2015માં જ્યારે કાર્યની શરૂઆત વર્ષ 2016માં થઈ. જેનું મુખ્યાલય બેઈજિંગ ખાતે આવેલું છે.
- **ભરત સુબ્રમણ્યમ ભારતના 73મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા છે.**
  - → તેમણે ઈટાલીના કટોલીકામાં યોજાયેલી ઈવેન્ટમાં ત્રીજો અને અંતિમ ગ્રાન્ડમાસ્ટર માપદંડ હાંસલ કર્યો હતો.
- **તાજેતરમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ નવા મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે શ્રી પિયરે ઓલિવિયર ગૌરીંચાસની નિમણૂક કરી છે. તેઓ મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે શ્રીમતી ગીતા ગોપીનાથનું સ્થાન લેશે.**
- **તાજેતરમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડો. એસ.સોમનાથને ISROના અધ્યક્ષ અને અવકાશ સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → તેઓ ISROના અધ્યક્ષત તરીકે શ્રી કે. સિવનનું સ્થાન લેશે. તેમનું પૂરું નામ શ્રી શ્રીધરા પનીકર સોમનાથ છે. તેમણે 'પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)' અને 'જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ MK-III (GSLV MK-III)'ના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેઓ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)ના ડિરેકટર પદ પર કાર્યરત હતા.
- **તાજેતરમાં પ્રસિદ્ધ કથક નૃત્યકાર શ્રી પંડિત મુન્ના શુકલાનું નિધન થયું છે.**
  - → તેમની પ્રસિદ્ધ કૃતિઓમાં ડાન્સ ડ્રામા શાન–એ–મુગલ, ઈન્દર સભા, અમીર ખુસરો, અંગ મુકિત, અન્વેષા વગેરેનો સમાવેશ થાય છે.
- **IPL T-20 લીગ 2022 અને 2023 ની સિઝન માટે ટાટા ગ્રુપ IPLનું સ્પોન્સર બન્યું છે.**
- **તાજેતરમાં પ્રસિદ્ધ નૃત્યકાર પંડિત બિરજુ મહારાજનું તાજેતરમાં 83 વર્ષની વયે નિધન થયું છે.**
  - → પંડિત બિરજુ મહારાજનો જન્મ 4 ફેબ્રુઆરી, 1938 ના રોજ ઉત્તરપ્રદેશના હાંડિયા (જિલ્લો – પ્રયાગરાજ) ખાતે થયો હતો. તેમનું સાચું નામ પંડિત બ્રીજમોહન મિશ્રા હતું. પંડિત બિરજુ મહારાજ લખનૌના કાલકા–બિન્દાદિન ઘરાનાના હતા. તેઓ કથક નૃત્યકાર ઉપરાંત શાસ્ત્રીય ગાયક પણ હતા. તેમણે ઘણી નૃત્યનાટિકાઓનું નિર્માણ કર્યું હતું. તેમાંની કુમારસંભવ, ગોવર્ધનલીલા, શામે–અવધ, માલતી માધવ ખૂબ લોકપ્રિય થઈ છે. ઠૂમરી અને દાદરાના ગાયક તરીકે પણ તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તેમણે ઘણી ભારતીય ફિલ્મો માટે કોરિયોગ્રાફી અને સંગીત પણ આપ્યું હતું. તેમને વર્ષ 1986માં પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- **બેડમિન્ટનની પ્રસિદ્ધ ટુર્નામેન્ટ 'ઈન્ડિયા ઓપન–2022' નવી દિલ્હીના કેડી જાધવ ઈન્ડોર હોલ ખાતે યોજાઈ હતી.**
  - → જેમાં ભારતના યુવા બેડમિન્ટન ખેલાડી શ્રી લક્ષ્ય સેને ઈન્ડિયા ઓપન 2022નો મેન્સ સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. આ ખિતાબ જીતનાર તેઓ ત્રીજા ભારતીય ખેલાડી બન્યા છે. જ્યારે મહિલા વિમેન્સ સિંગલ્સ ટાઈટલ થાઈલેન્ડના સુશ્રી બુસાનને જીત્યું હતું.
- **મધ્યપ્રદેશના પેંચ ટાઈગર રિઝર્વમાં તાજેતરમાં 'કોલરવાલી' વાઘણનું નિધન થયું હતું.**
  - → તેમણે તેમના જીવનકાળ દરમિયાન 29 બચ્ચાને જન્મ આપ્યો હતો. આ એક વર્લ્ડ રેકોર્ડ છે. જેથી તે 'સુપરમોમ' તરીકે પણ જાણીતી હતી. તેમજ માતારામ તરીકે પણ જાણીતી છે અને પેંચની પ્રિન્સેસ તરીકે ઓળખાય છે.
- **પ્રસિદ્ધ સંગીતકાર અબ્રાહ્મ અશ્કનું તાજેતરમાં નિધન થયું છે.**
  - → અબ્રાહ્મ અશ્ક મૂળ મધ્યપ્રદેશના હતા અને તેઓ ગીતકાર તેમજ કવિ તરીકે ઓળખાતા હતા તેમણે તેમની કારકિર્દી પત્રકાર તરીકે શરૂ કરી હતી.
- **તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ડો. વી. અનંત નાગેશ્વરનને મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → તેમણે કે. સુબ્રમણ્યમનું સ્થાન લીધું છે. તેમણે વર્ષ 2019 થી 2021 સુધી વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના પાર્ટ–ટાઈમ સભ્ય તરીકે પણ સેવા આપી છે.
- **ભારતીય ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ હાલમાં જ નિવૃત્તિની જાહેરાત કરી છે.**
  - → સાનિયા મિર્ઝા અનુસાર, તે તેની છેલ્લી મેચ વર્ષ 2022ની સિઝનમાં રમશે. ટેનિસ ખેલાડી તરીકેની તેની અસાધારણ કારકિર્દીમાં 35 વર્ષીય સાનિયા મિર્ઝાએ 6 ગ્રાન્ડ સ્લેમ જીત્યા છે અને 'મહિલા ટેનિસ એસોસિએશન' ડબલ્સ રેન્કિંગની ટોચ પર પહોંચી છે.
  - → સાનિયા મિર્ઝા 'મહિલા ટેનિસ એસોસિએશન' સિંગલ રેન્કિંગમાં ટોચના 30માં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા છે. આ ઉપરાંત, તે વર્ષ 2005માં WTA સિંગલ્સ ટાઈટલ જીતનારી પ્રથમ ભારતીય બની હતી.
- **પુરાતત્વ વિભાગના પ્રથમ નિયામક આર. નાગાસ્વામીનું 92 વર્ષની વયે 23 જાન્યુઆરી, 2022 ના રોજ વય સંબંધિત મુશ્કેલીઓને કારણે નિધન થયું હતું.**
  - → પુરાતત્વ, આર્કિટેકચર, એપિગ્રાફી, સિક્કાશાસ્ત્ર, પ્રતિમાશાસ્ત્ર, દક્ષિણ ભારતીય કાંસ્ય અને મંદિરની ધાર્મિક વિધિઓ સાથે સંબંધિત, નાગાસ્વામીએ કોવિડ–19 મહામારી દરમિયાન તમિલનાડુમાં મંદિરો બંધ કરવાના વિચારને સમર્થન આપ્યું હતું.
- **રોબર્ટા મેટસોલા યુરોપિયન સંસદના અત્યાર સુધીના સૌથી યુવા સ્પીકર તરીકે ચૂંટાયા છે.**
  - → રોબર્ટા મેટસોલા 'માલ્ટા'ની સાથે સંબંધિત છે. રોબર્ટા મેટસોલા એક એવી સંસ્થાનું નેતૃત્વ કરશે જે યુરોપિયન યુનિયનના રૂપમાં વર્ષોથી શકિતશાળી બની છે અને ડિજિટલ અર્થતંત્ર, આબોહવા પરિવર્તન અને બ્રેકિઝટ જેવા મુદ્દાઓ પર 27 રાષ્ટ્રોના જૂથની નીતિ નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **તાજેતરમાં દુબઈમાં 'ગ્લોબલ એન્વાયર્નમેન્ટ એન્ડ કલાઈમેટ એકશન સિટીઝન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

→ આ એવોર્ડ સુરતના પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી વિરલ દેસાઈને એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ પર્યાવરણ પ્રત્યેના પ્રેમના કારણે ગ્રીનમેન તરીકે પ્રખ્યાત છે. યુ.કે., યુએસએ, ન્યૂઝીલેન્ડ, ફ્રાન્સ અને મલેશિયા સહિત 11 દેશોના 28 લોકોને પણ આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પરંતુ કલાઈમેટ એકશન માટે સન્માન મેળવનાર શ્રી વિરલ દેસાઈ એકમાત્ર ભારતીય હતા.

❖ **કેરળ યુનિવર્સિટી ઓફ વેટરનરી એન્ડ એનિમલ સાયન્સ (AICRP) હેઠળના 'ઓલ ઈન્ડિયા કો ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેકટ' (KVASU) ને વર્ષ 2021 માટે 'નેશનલ બ્રીડ કન્ઝર્વેશન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.**

→ તેને તેલિચેરી જાતિ પર સંરક્ષણ અને સંશોધન પ્રવૃત્તિઓ માટે ICAR-નેશનલ બ્યૂરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ (NBAGR) તરફથી આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો હતો. કેરળ રાજ્યમાં તેલિચેરી જાતિ એ એકમાત્ર નોંધાયેલ સ્વદેશી ચિકન જાતિ છે.

❖ **તાજેતરમાં સરકારે ATAL Ranking of Institutions on innovation Achievements (ARIIA) 2021 ની જાહેરાત કરી હતી.**

→ આ શિક્ષણ મંત્રાલય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)ની સંયુકત પહેલ છે. જે ભારતની તમામ અગ્રણી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે 'ઈનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ' સંબંધિત સૂચકાંકો પર વ્યવસ્થિત રીતે રેન્ક આપે છે. આ રેન્કિંગ બે કેટેગરીમાં બનાવવામાં આવે છે, ટેકનિકલ અને નોન–ટેકનિકલ

→ બિન ટેકનિકલ કેટેગરી બે પેટા કેટેગરીમાં વહેંચવામાં આવ્યું છે. (1) કેન્દ્રીય સરકાર દ્વારા સહાય પ્રાપ્ત રાષ્ટ્રીય સંસ્થાઓ, (2) સામાન્ય (બિન ટેકનોલોજી)

→ ટેકનિકલ કેટેગરીની શ્રેણીમાં પ્રથમ ક્રમે IIT મદ્રાસ જ્યારે બીજા ક્રમે IIT બોમ્બે અને ત્રીજા ક્રમે IIT દિલ્હી રહ્યું. જ્યારે બિન ટેકનિકલ કેટેગરીમાં રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓ, કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને CFTIs શ્રેણીમાં પ્રથમ ક્રમે ઈન્દિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને બીજા ક્રમે ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ કોઝિકોડ છે.

❖ **સાહિત્ય અકાદમીએ વિવિધ ભાષાઓમાં 2021 માટે તેના પ્રતિષ્ઠિત 'સાહિત્ય અકાદમી પુરસ્કાર', 'યુવા પુરસ્કાર' અને 'બાળ સાહિત્ય પુરસ્કાર'ની જાહેરાત કરી હતી.**

→ 'સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2021' 20 ભાષાઓમાં આપવામાં આવ્યો હતો. સુશ્રી નમિતા ગોખલેને અંગ્રેજીમાં તેમની નવલકથા 'થિંગ્સ ટુલીવ બિહાઈન્ડ' માટે આ એવોર્ડ મળ્યો હતો. જ્યારે હિન્દી ભાષા માટે દવા પ્રકાશ સિંહને 'સમ્રાટ અશોક' નાટક કૃતિ માટે સન્માનિત કરવામાં આવ્યા. ગુજરાતી, મણિપુરી, મૈથિલી અને ઉર્દુ ભાષાઓના વિજેતાની જાહેરાત પછીથી કરવામાં આવશે.

→ 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર–2021' કુલ 22 ભારતીય ભાષાઓમાં આપવામાં આવ્યો હતો. સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2021 ગુજરાતી ભાષા માટે સુશ્રી દ્દષ્ટિ સોનીને એનાયન કરવામાં આવ્યો છે. તેમની નવલકથા 'અ–માણસ' (A-Manas) માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર 2021 એનાયત કરવામાં આવ્યો છે.

→ 'બાળ સાહિત્ય પુરસ્કાર–2021' 22 ભાષાઓ માટે આપવામાં આવ્યો હતો. ગુજરાતી અને પંજાબી ભાષામાં આ વર્ષે કોઈ બાળ પુરસ્કાર આપવામાં આવ્યો નથી. અંગ્રેજી ભાષામાં બાળ સાહિત્ય પુરસ્કાર 2021 સુશ્રી અનિતા વચ્છરાજાનીએ એવોર્ડ જીત્યો છે. તેમને બાળકોનું પુસ્તક 'Amrita Sher-Gil : Rebel with A Paintbrush' માટે સન્માનિત કરવામાં આવ્યા છે. જ્યારે હિન્દી ભાષામાં દેવેન્દ્ર મેવારીને નાટક નાટક મે વિજ્ઞાન કૃતિ માટે સન્માનિત કરવામાં આવ્યા.

→ નોંધનીય છે કે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા દર વર્ષે ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત કુલ 24 ભાષાઓના સાહિત્યમાંથી એક–એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

❖ **તાજેતરમાં જળશકિત મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય જળ પુરસ્કાર (NWA) 2020માં જળ સંરક્ષણના પ્રયાસો માટે ઉત્તરપ્રદેશને પ્રથમ ક્રમે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.**

→ શ્રેષ્ઠ રાજ્ય કેટેગરીમાં રાજસ્થાન અને તમિલનાડુને અનુક્રમે બીજો અને ત્રીજો પુરસ્કાર મળ્યો છે. આ પુરસ્કારનું આયોજન જળ શકિત મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. વર્ષ 2018માં જળ શકિત મંત્રાલય દ્વારા પ્રથમ 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો. તે સ્ટાર્ટ–અપ્સ તેમજ અગ્રણી સંસ્થાઓને ભારતમાં શ્રેષ્ઠ જળ સંસાધન વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવવા માટે વરિષ્ઠ નીતિ નિર્માતાઓ સાથે જોડાવવાની સારી તક પૂરી પાડે છે.

❖ **ભારતીય મૂળના બ્રિટિશ શીખ આર્મી ઓફિસર અને ફિઝિયોથેરાપીસ્ટ કેપ્ટન હરપ્રીત ચંડી દક્ષિણ ધ્રુવ પર ટ્રેકિંગ અભિયાન એકલાએ પૂરું કરીને ઈતિહાસ રચ્યો છે.**

→ આવું કરનાર તેઓ પ્રથમ અશ્વેત મહિલા બની ગયા છે. તેઓ હાલમાં લંડનની કવીન મેરી યુનિવર્સિટીમાં સ્પોટ્ર્સ એન્ડ એકસરસાઈઝ મેડિસનમાં માસ્ટર્સ કરી રહ્યા છે.

❖ **તાજેતરમાં ભારત સરકારે 'નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડસ 2021' ના વિજેતાઓની જાહેરાત કરી હતી.**

→ 46 સ્ટાર્ટ–અપ્સને તેમના સંબંધિત ક્ષેત્રમાં તેમના યોગદાન માટે સન્માનિત કર્યા હતા. સરકારે આ સમારોહ દરમિયાન એક ઈન્કયૂબેટર અને એક એકસેલરેટરને પણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નેશનલ સ્ટાર્ટ અપ એવોર્ડની આ બીજી આવૃત્તિ છે. કૃષિની લઈને પશુપાલન અને એન્ટરપ્રાઈઝ ટેકનોલોજીથી લઈને ફિનટેક સુધીના 15 ક્ષેત્રો અને 49 પેટા ક્ષેત્રમાંથી અરજીઓ મંગાવવામાં આવી હતી.

→ ફિનટેક કેટેગરીના ફાઈનાન્શિયલ ઈન્કલુઝન પેટા સેકટરમાં બેંગલુરુ સ્થિત પ્રોફિટ ઈનોવેશન પ્રાઈવેટ લિમિટેડને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ફિનટેક કેટેગરીના ઈન્સ્યોરન્સ પેટા સેકટરમાં એક અન્ય વિજેતા ઉમ્બો પ્રાઈવેટ લિમિટેડએ એવોર્ડ જીત્યો છે. રોબોટિકસ સબ–સેકટરમાં સાગર ડિફેન્સને વિજેતા

જાહેર કરવામાં આવ્યું હતું. મહિલાઓની આગેવાની હેઠળની સ્ટાર્ટ–અપ શ્રેણીમાં જયપુર મુખ્ય મથકવાળા ફ્રન્ટિયર માર્કેટ્સને આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

❖ **FIFA દ્વારા તાજેતરમાં સર્વશ્રેષ્ઠ ફૂટબોલ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા હતા.**

→ આ પુરસ્કાર સમારોહમાં 'શ્રેષ્ઠ ફિફા મેન્સ પ્લેયર' એવોર્ડ શ્રી બોર્ટ લેવાન્ડોવસ્કીનને એનાયત કરવામાં આવ્યો જ્યારે 'શ્રેષ્ઠ ફિફા વિમેન્સ પ્લેયર' એવોર્ડ સુશ્રી એલેકિસયા પટેલાસને એનાયત થયો છે.

❖ **અભિનેત્રી પ્રાજકતા કોલી ભારતના પ્રથમ 'UNDP યુથ કલાઈમેન્ટ ચેમ્પિયન' બન્યા છે.**

→ UNDP સાથેની ભાગીદારીના ભાગરૂપે તેણે આ ખિતાબ જીત્યો છે. તેમને વિવિધ વૈશ્વિક સામાજિક અભિયાનો દ્વારા માનસિક સ્વાસ્થ્ય, બાલિકા શિક્ષણ અને મહિલાઓના અધિકારો પ્રત્યેના યોગદાન બદલ આ પદવી એનાયત કરવામાં આવી છે.

❖ **તાજેતરમાં અમેરિકા સ્થિત Morning Consult Political Intelligence ના સર્વેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 71% ના એપ્રુવલ રેટિંગ સાથે વિશ્વના નેતાઓમાં પ્રથમ ક્રમાંકે છે.**

→ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેન 43% એપ્રુવલ રેટિંગ સાથે 13 વિશ્વ નેતાઓની યાદીમાં છઠ્ઠા નંબર પર છે. બીજા ક્રમે મેકિસકોના પ્રમુખ લોપેઝ ઓબ્રાડોર અને ત્રીજા ક્રમે ઈટાલીના વડાપ્રધાન મારિયો દ્રાગી છે.

❖ **તાજેતરમાં દેશના સૌથી પ્રખ્યાત ઉદ્યોગપતિઓમાંના એક શ્રી રતન ટાટાને આસામ સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન 'આસામ વૈભવ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.**

→ આ આસામ રાજ્યનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. આ પુરસ્કારની સત્તાવાર જાહેરાત મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા દ્વારા "આસામ દિવસ" પ્રસંગે કરવામાં આવી હતી. આ એવોર્ડ હેઠળ 5 લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. આ ઉપરાંત પુરસ્કાર મેળવનારને તેમના બાકીના જીવન માટે સરકારી ખર્ચે તબીબી સારવારનો લાભ મળી શકે છે.

❖ **73માં પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ ભારતીય સેનાના છ જવાનોને તેમની વિશિષ્ટ સેવાની સન્માનમાં શૌર્ય ચક્ર, દેશનો ત્રીજો સર્વોચ્ચ શાંતિ સમયનો વીરતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જેમાંથી પાંચને મરણોત્તર એવોર્ડ આપવામાં આવ્યા છે.**

→ વીરતા પુરસ્કારો વર્ષમાં બે વાર જાહેર કરવામાં આવે છે – પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસના પ્રસંગે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીના અવસરે 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પુરસ્કાર'ની જાહેરાત કરી.**

→ આ પુરસ્કાર સંસ્થાગત શ્રેણીમાં 'ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM)' ને જ્યારે વ્યકિતગત શ્રેણીમાં સિક્કિમ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાના ડાયરેકટર વિનોદ શર્માને આપવામાં આવ્યો.

→ આ એવોર્ડની જાહેરાત દર વર્ષે 23 જાન્યુઆરીએ સ્વતંત્રતા સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ પર કરવામાં આવે છે. આ પુરસ્કાર સંસ્થાગત શ્રેણીમાં રૂ. 51 લાખનું રોકડ પુરસ્કાર અને વ્યકિતગત શ્રેણીમાં રૂ. 5 લાખનું રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

❖ **ઢાકામાં 20મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પી.એસ.વિનોદરાજ દિગ્દર્શિત ફિલ્મ 'કોઝંગલ ફ્રોમ ઈન્ડિયા'એ એશિયન ફિલ્મ સ્પર્ધા વિભાગમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો.**

→ આ સિવાય ફિલ્મો માટે આપવામાં આવેલા 17 પુરસ્કારોમાં ચાર વધુ ભારતીય એન્ટ્રીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જયસૂર્યાએ રણજિત શંકર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ સની માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો હતો, શ્રેષ્ઠ પટકથા લેખકો ઈન્દ્રનીલ રોયચૌધરી અને સુગાતા સિંહાને ભારત–બાંગ્લાદેશ ફિલ્મ મૈર જોંજાલ માટે અને વિશેષ પ્રેક્ષકનો એવોર્ડ એમી બરુઆહ દ્વારા નિર્દેશિત સેમખોરને મળ્યો હતો.

❖ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 73માં પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યા પર 128 પદ્મ પુરસ્કારની જાહેરાત કરી.**

→ આ પદ્મ પુરસ્કારમાં 4 પદ્મ વિભુષણ, 17 પદ્મ ભુષણ અને 107 પદ્મશ્રી પુરસ્કારની જાહેરાત કરી.

→ પદ્મવિભુષણ પુરસ્કાર :

| ક્રમ | નામ | રાજ્ય | ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧ | પ્રભા સત્રે | મહારાષ્ટ્ર | કલા |
| ૨ | રાધેશ્યામ ખેમકા (મરણોપરાંત) | ઉત્તરાખંડ | સિવિલ સેવા |
| ૩ | જનરલ બિપિન રાવત (મરણોપરાંત) | ઉત્તરાખંડ | સિવિલ સેવા |
| ૪ | કલ્યાણ સિંહ (મરણોપરાંત) | ઉત્તર પ્રદેશ | લોક કાર્ય |

→ ગુજરાત રાજ્યના 7 ગુજરાતીઓને પદ્મ પુરસ્કારની જાહેરાત કરી હતી. જેમાં સ્વામી સચ્ચિદાનંદને પદ્મભુષણ, સવજી ધોળકિયાને પદ્મશ્રી, લતા દેસાઈ, માલજી દેસાઈને પદ્મશ્રી, રમીલાબેન ગામીત, ખલીલ ધનતેજવી (મરણોપરાંત), ગુરુપ્રસાદ મહાપાગ (મરણોપરાંત) ને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

## મહત્વના દિવસો

- **4 જાન્યુઆરી, 2022 : આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ**
- **8 જાન્યુઆરી, 2021 : વિશ્વ ટાઈપિંગ દિવસ**
- **9 જાન્યુઆરી, 2021 : પ્રવાસી ભારતીય દિવસ**
- **10 જાન્યુઆરી, 2021 : વિશ્વ હિન્દી દિવસ**
- **10 જાન્યુઆરી, 2021 : વિશ્વ હાસ્ય દિવસ**
- **11 જાન્યુઆરી, 2021 : રાષ્ટ્રીય માનવ તસ્કરી જાગૃતિ દિવસ**
- **12 જાન્યુઆરી, 2021 : રાષ્ટ્રીય યુવા દિવસ**
  – થીમ : 'It's all in the mind'
  – જ્યારે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે.
- **14 જાન્યુઆરી, 2021 : સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ**
- **11 – 17 જાન્યુઆરી, 2021 : રોડ સેફ્ટી વીક**
  – થીમ : 'સેફ યોરસેલ્ફ ટુ સેવ યોર ફેમિલી'
- **15 જાન્યુઆરી, 2021 : થલ સેના દિવસ (Army Day)**
  – આ વર્ષે ભારતે 74મો આર્મી ડે ઉજવાયો છે.
- **15 જાન્યુઆરી, 2021 : તિરુવલ્લુવર દિવસ**
- **18 જાન્યુઆરીથી 17 ફેબ્રુઆરી, 2021 : પ્રથમ રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ**
  – થીમ : 'સડક સુરક્ષા – જીવન રક્ષા'
- **20 જાન્યુઆરી, 2021 : ગુરુ ગોવિંદસિંહ જયંતી**
- **21 જાન્યુઆરી, 2021 : મણિપુર, મેઘાલય અને ત્રિપુરાનો સ્થાપના દિવસ**
- **24 જાન્યુઆરી, 2021 : રાષ્ટ્રીય બાલિકા દિવસ**
  – નોંધનીય છે કે દર વર્ષે 11 ઓકટોબરે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવવામાં આવે છે.
- **24 જાન્યુઆરી, 2021 : ઈન્ટરનેશનલ ડે ઓફ એજ્યુકેશન**
  – થીમ : 'રિકવર એન્ડ રિવાઈટલાઈઝ એજ્યુકેશન ફોર ધ COVID-19 જનરેશન'
- **25 જાન્યુઆરી, 2021 : રાષ્ટ્રીય મતદાતા દિવસ**
  – થીમ : 'સમાવેશી, સુગમ અને સહભાગી ચૂંટણી' (Making Elections Inclusive Accessible and Participative)
- **25 જાન્યુઆરી, 2021 : રાષ્ટ્રીય પ્રવાસન દિવસ**
  – થીમ : 'ગ્રામીણ અને સમુદાય કેન્દ્રિત પ્રવાસન'
  – નોંધનીય છે કે દર વર્ષે 27 સપ્ટેમ્બરે વિશ્વ પ્રવાસન દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.
- **26 જાન્યુઆરી, 2021 : આંતરરાષ્ટ્રીય કસ્ટમ્સ દિવસ**
  – થીમ : 'એન્હાસિંગ કસ્ટમ્સ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન બાય એડોપ્ટિંગ એ ડેટા કલ્ચર બિલ્ડિંગ એ ડેટા ઈકોસીસ્ટમ'
- **27 જાન્યુઆરી, 2021 : ઈન્ટરનેશનલ હોલોકોસ્ટ રિમેમ્બરન્સ ડે (હોલોકોસ્ટના પીડિતોની સ્મૃતિમાં આંતરરાષ્ટ્રીય દિવસ)**
  – થીમ : 'ફેસિંગ ધ આફટરમેથ : રિકવરી એન્ડ રિકન્સ્ટ્રકશન આફટર ધ હોલોકોસ્ટ'
- **30 જાન્યુઆરી, 2021 : શહીદ દિવસ**
- **30 જાન્યુઆરી, 2021 : વર્લ્ડ લેપ્રસી ડે (વિશ્વ કુષ્ઠરોગ દિવસ)**

Banking Academy